**સમય સંદેશ**

પ્રોપર્ટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૦૬ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

માન્યું કે સમય હેરાન કરી રહ્યો છે, પરંતુ કેવી રીતે જીવવું તે પણ શીખવાડી રહ્યો છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૫૯ ● તારીખઃ ૧૮.૦૮.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં 'નવીન' ટીમ જાહેરઃ ગુજરાતના ૪ નેતાઓને મળ્યું સ્થાન

## ડો. હેમાંગ જોશીને ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવાયાઃ વર્ષાબહેન દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકેનું મોટું પદઃ જગદીશ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય મંત્રીની જવાબદારી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન દ્વારા ગઈકાલે નવી ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ નવી ટીમની ઘોષણા સાથે જ કેન્દ્રીય સંગઠનમાં ગુજરાતનું કદ અને પ્રતિનિધિત્વ નોંધપાત્ર રીતે વધી ગયું છે. વર્ષ ૨૦૨૦ પછી પ્રથમ વખત ગુજરાતમાંથી ચાર જેટલા નેતાઓને કેન્દ્રીય સ્તરે મોટી જવાબદારીઓ સોંપવામાં આવી છે. અગાઉ ૨૦૨૦થી ૨૦૨૩ દરમિયાન રાષ્ટ્રીય હોદ્દેદારોમાં ભારતીબહેન




રોહન ગુપ્તા | વર્ષા દોશી | ડૉ. હેમાંગ જોશી | જગદીશ પટેલ

શિયાળ સામેલ હતા, જેના લાંબા સમય બાદ રાજ્યના નેતાઓની કેન્દ્રીય ટીમમાં પસંદગી થઈ છે.

વડોદરાના ૩૫ વર્ષીય સાંસદ અને ગુજરાત ભાજપ યુવા મોરચાના વડા ડો. હેમાંગ જોશીને તેજસ્વી સૂર્યાના સ્થાને ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષની મહત્વપૂર્ણ જવાબદારી સોંપાઈ છે. મૂળ પોરબંદરના ડો. જોશી એમ.એસ. યુનિવર્સિટીમાં ABVP પાંખમાં સક્રિય રહી ચૂક્યા છે. ૨૦૧૩થી ભાજપમાં જોડાયેલા જોશી ૨૦૨૨માં વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વાઇસ ચેરમેન રહ્યા હતા અને પોતાની સંગઠનાત્મક કુશળતાના બળે યુવા મોરચાના રાષ્ટ્રીય વડા બન્યા છે.

સુરેન્દ્રનગરની વઢવાણ બેઠકના પૂર્વ ધારાસભ્ય અને પ્રદેશ ભાજપના અનુભવી મહિલા નેતા

અનુ પાના નં.૨ પર

## ખંભાતના ગામની સીમમાં ઝેરી ગેસ ફેલાતાં ૨૦૦ પંખીઓ મર્યા, ડાંગરનો પાક પીળો પડ્યો, શ્વાસ લેવામાં તકલીફ

**સમય સંદેશઃ ખંભાત**

આણંદના ખંભાતના વત્રા-વટાદરા સીમમાં કેમિકલ કંપનીના ઝેરી ગેસથી હજારો પક્ષીઓના મોત થયા છે. સાથે ખેડૂતોના ડાંગરના પાકને નુકસાન થયું છે. સ્થાનિકોએ આ અંગે આરોપ લગાવ્યો કે, કેમિકલ કંપની દ્વારા ઝેરી ગેસ છોડવાને કારણે પશુ-પક્ષીઓ સહિત ખેડૂતોના પાકને નુકસાન થયું. ૪૦૦ વીઘા જેટલા પાકને નુકસાન થયું છે.

ઝેરી ગેસને કારણે ડાંગરનો પાક પીળો પડી ગયો હતો અને ખેડૂતોને આર્થિક નુકસાની




વેઠવાનો વારો આવ્યો છે. ગામના લોકોનું સ્વાસ્થ્ય પણ જોખમમાં મુકાયું છે કારણ કે શ્વાસ લેવામાં તકલીફ, ઉલટી જેવી ગંભીર સમસ્યા લોકોને થઈ રહી છે.

ઝેરી ગેસને અસરને કારણે ઘણા પક્ષીઓના પણ મોત થયા હતા. ઝાડ પરથી પંખીઓ અચાનક નીચે પડવા લાગ્યા હતા. સ્થળ પર તપાસ કરતા ગેસની તીવ્ર દુર્ગંધ પણ અનુભવાઈ હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

આ ઘટના બાદ GPCBની ટીમે તાત્કાલિક સ્થળે પહોંચીને તપાસ શરુ કરી હતી. GPCB દ્વારા હવામાં રહેલા હવાના સેમ્પલ લેવાયા હતા. સેમ્પલના પરિણામો અને તપાસના આધારે જો નિયમભંગ કે ઝેરી ગેસ છોડવાની બાબત સામે આવશે તો જરૂરી કાર્યવાહી કરાશે.

## ISI સમર્થિત શહેઝાદ ભટ્ટી નેટવર્ક ધ્વસ્ત, ૨૦૦થી વધુ લોકોની ધરપકડ




**સમય સંદેશઃ નવીદિલ્હી**

નવી દિલ્હીઃ સુરક્ષા એજન્સીઓએ ISI સમર્થિત આતંકી નેટવર્ક શહેઝાદ ભટ્ટી નેટવર્ક સામે મોટી કાર્યવાહી કરી છે. દેશનાં ૧૪ રાજ્યોમાં ચલાવવામાં આવેલા આ અભિયાન દરમિયાન ૨૦૦થી વધુ શંકાસ્પદ લોકો અને શહેઝાદ ભટ્ટી નેટવર્ક સાથે જોડાયેલા લોકોની ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરક્ષા એજન્સીઓએ ૧૪ રાજ્યોમાં અલગ-અલગ સ્થળોએ એકસાથે કાર્યવાહી કરી હતી. દેશના ગૃહ મંત્રી અમિત શાહે પણ આ કાર્યવાહી અંગે માહિતી આપી છે.

શહેઝાદ ભટ્ટી નેટવર્ક સામેની કાર્યવાહી દરમિયાન સુરક્ષા એજન્સીઓએ મોટી માત્રામાં


અનુ પાના નં.૨ પર

## દહેજ GIDCની કેમિકલ કંપનીમાં વહેલી સવારે ભીષણ આગઃ ૮ ફાયર ટેન્ડરોએ કામગીરી હાથ ધરી, જાનહાનિ ટળી

**સમય સંદેશઃ ભરૂચ**

દહેજ GIDCમાં આવેલી 'વિઝન પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ' કંપનીમાં ગઈકાલે સોમવારે (૧૭ ઓગસ્ટ) વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે સમગ્ર પ્લાન્ટ તેની ઝપેટમાં આવી ગયો હતો અને આશરે ૭ કિલોમીટર દૂર સુધી તેનો અવાજ તેમજ ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા. ઘટના અંગે જાણ થતાં જ વાગરાના મામલતદાર વિરલ વસાવા અને ઇન્ડસ્ટ્રીયલ

અનુ પાના નં.૨ પર



## રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણયઃ મહેસૂલી તલાટી અને તલાટી કમ-મંત્રીના જોબ ચાર્ટ અલગ કરાયા

### મહેસૂલી તલાટી જમીન અને મહેસૂલી કાયદા સંબંધિત કામગીરી સંભાળશેઃ તલાટી કમ-મંત્રી ગ્રામ પંચાયત અને ગ્રામીણ વિકાસના કામો જોશે

**સમય સંદેશઃ ગાંધીનગર**

લાંબા સમયની માંગણી બાદ રાજ્ય સરકાર દ્વારા મહેસૂલી તલાટી અને તલાટી કમ-મંત્રી (પંચાયત તલાટી)ના જોબ ચાર્ટ સ્પષ્ટ રીતે અલગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગના નવા ઠરાવ અનુસાર બંને કેડરના કર્મચારીઓ માટે અલગ-અલગ જોબ ચાર્ટ જાહેર કરી તેમની કામગીરી અને જવાબદારીઓ સ્પષ્ટપણે નક્કી કરી દેવામાં આવી છે.

સરકારના આ નિર્ણય બાદ હવે મહેસૂલી તલાટી મુખ્યત્વે જમીન મહેસૂલ, જમીન રેકોર્ડ અને મહેસૂલી કાયદા સંબંધિત તમામ મહત્વની કામગીરી સંભાળશે. આ ઉપરાંત જમીનના રેકોર્ડ રાખવા, હદનિશાન માપણી, સરકારી જમીનની જાળવણી, ગૌચર, ખાણ-ખનિજ ક્ષેત્રે દેખરેખ અને જમીન પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા અંગેની કામગીરી પણ મહેસૂલી તલાટીના શિરે રહેશે. બીજી તરફ, તલાટી કમ-મંત્રી (પંચાયત સચિવ) પંચાયત અધિનિયમ મુજબ ગ્રામ પંચાયતના સચિવ તરીકેની ફરજો નિભાવશે. તેઓ સરકારી યોજનાઓનું ગ્રામ્ય સ્તરે અમલીકરણ, પંચાયતના વિકાસકાર્યો, જન્મ-મરણ નોંધણી અને વિવિધ દાખલા-પ્રમાણપત્રો આપવાની કામગીરી કરશે. આ સાથે ગામતળ, પંચાયત હસ્તકની જમીન, પીવાનું પાણી, સ્વચ્છતા, દીવાબત્તી (સ્ટ્રીટ લાઈટ) અને પ્રાથમિક શિક્ષણ સહિત ગ્રામીણ વિકાસની તમામ બાબતો તલાટી કમ-મંત્રી સંભાળશે.

## NCC કેડેટ્સના જૂના યુનિફોર્મનું સન્માનપૂર્વક રિસાયકલિંગ કર્યા બાદ ફરીથી ઉપયોગ અભિયાન સફળતાપૂર્વક સંપન્ન

### જૂના યુનિફોર્મમાંથી બનશે ઉપયોગી વસ્તુઓ, જરૂરિયાતમંદોને કરાશે વિતરણઃ વરિષ્ઠ અધિકારીઓનું માર્ગદર્શન અને પર્યાવરણ સુરક્ષાનો સંદેશ




**સમય સંદેશઃ સુરત**

શિસ્ત અને દેશભક્તિના પ્રતીક સમાન NCCના જૂના યુનિફોર્મનું સન્માનપૂર્વક રિસાયકલિંગ અને પુનઃઉપયોગ કરવાના ઉદ્દેશ્ય સાથે NCC ગ્રુપ હેડક્વાર્ટર વડોદરા અને ૬ ગુજરાત ગર્લ્સ બટાબાલિયન NCC સુરતના સંયુક્ત ઉપક્રમે સુરત ખાતે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા ટ્રસ્ટ' સંચાલિત શ્રી જે.બી. ધારુકાવાળા મહિલા આર્ટસ કોલેજ અને ડાયમંડ સ્કૂલ ખાતે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ પહેલનો મુખ્ય હેતુ જૂના NCC યુનિફોર્મને કચરા તરીકે ફેંકવાને બદલે સન્માન સાથે રિસાયકલ કરી સમાજના હિત માટે તેનો પુનઃઉપયોગ સુનિશ્ચિત કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વડોદરા ગ્રુપની વિવિધ યુનિટો દ્વારા વર્તમાન અને પૂર્વ કેડેટ્સ પાસેથી મોટી સંખ્યામાં જૂના યુનિફોર્મ એકત્રિત કરવામાં આવ્યા હતા. એકત્ર કરાયેલા આ યુનિફોર્મ્સને રિસાયકલ કરવા માટે સુરતની 'લોક ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ' NGOને સોંપવામાં આવ્યા છે. આ યુનિફોર્મમાંથી બેગ, પાઉચ અને અન્ય ઉપયોગી ચીજવસ્તુઓ બનાવવામાં આવશે, જે આગામી દિવસોમાં અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ અને જરૂરિયાતમંદ પરિવારોમાં વિતરિત કરાશે.

આ કાર્યક્રમ NCC ગ્રુપ હેડક્વાર્ટર વડોદરાના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર કે.ડી.એસ. ઝાલાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં ૬ ગુજરાત ગર્લ્સ બટાબાલિયનના કમાન્ડિંગ ઓફિસર કર્નલ આર.એસ. પટિયાલ, એડમિન ઓફિસર મેજર ભાવના લોહાની તેમજ શાળા-કોલેજના ટ્રસ્ટીઓ, આચાર્યશ્રીઓ અને NCC કેડેટ્સે મહત્વનું યોગદાન આપ્યું હતું. કાર્યક્રમમાં વરિષ્ઠ અધિકારીઓએ ''વેસ્ટમાંથી બેસ્ટ'' અને યુનિફોર્મની ગરિમા જાળવવાની વિભાવના પર ભાર મૂક્યો હતો. આ અભિયાનથી યુનિફોર્મનું સન્માન જળવાઈ રહેવાની સાથે પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક સેવામાં પણ મોટું યોગદાન મળશે.

## આંતરરાષ્ટ્રિય હિન્દુ પરિષદના સ્થાપક અધ્યક્ષ ડો.તોગડીયાએ જામનગરમાં યોજી બેઠક







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સ્થાપક અધ્યક્ષ હિન્દુ હૃદય સમ્રાટ ડોક્ટર પ્રવીણભાઈ તોગડીયા જામનગરમાં સંગઠન બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમની સાથે કેન્દ્રીય મંત્રી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ, ગુજરાત પ્રદેશ રાષ્ટ્રીય કિસાન પરિષદ પ્રભારી સૌરાષ્ટ્ર પ્રાથમિક સંગઠન મહામંત્રી નિર્મલસિંહભાઇ ખુમાન ની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આગામી દિવસોમાં ૨૫ લાખ

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં વિન્ટેજ કારની રેલી જોઇ નગરજનોમાં અનેરો રોમાંચ



તસવીરઃ હિરેન ગાંધી





જામનગર શહેરમાં ઇન્ડિપેન્ડન્સ ડે નિમિત્તે ચાર વર્ષથી પી.એમ.જાડેજા પોતાના ગ્રુપ મિત્રો સાથે શહેરમાં વિન્ટેજ કાર સાથે નીકળી આઝાદીની ઉજવણી કરે છે આઝાદી પહેલા ૧૯૪૬ થી લઈ ૧૯૮૦ સુધીની વિન્ટેજ કારોના કાફલા સાથે રાષ્ટ્રીય ધ્વજ લગાવી શહેરના મુખ્ય માર્ગો ઉપર નીકળ્યા હતા આ તકે નગરજનોએ વિન્ટેજ કાર સાથે ફોટા વિડિયો પાડી અને જૂની યાદો તાજી કરી હતી રાહુલ ભદ્રા, આમિર ખત્રી,મેહુલ ભાનુશાલી,પરેશભાઈ જે કે, હસમુખભાઈ ભટ્ટ, મુકુંદભાઈ વૈદ, સલીમ ખત્રી, દર્શન બારોટ, હિતીક બારોટ, મુફાસીર સહિતા મિત્રો સરૂ સેક્શન રોડ ઉપરથી આ વિન્ટેજ કારના કાફલા સાથે શહેરના મુખ્ય માર્ગો ઉપર નીકળી આઝાદીની ઉજવણી કરી હતી શહેરીજનો આ વિન્ટેજ કાર જોઈ મંત્રમુક્ત થયા હતા.


## તંત્રી સ્થાનેથી..

### ચોમાસુ સત્રનું સરવૈયું !

સત્રની શરૂઆતથી જ રાજકીય ટકરાવની અસર સંસદીય કામગીરી પર જોવા મળી હતી. વિપક્ષે શઈઈ પરીક્ષામાં ગેરરીતિઓ, વિદ્યાર્થીઓના વિરોધ-પ્રદર્શન અને અયોધ્યામાં રામ મંદિર સાથે જોડાયેલી કથિત ચંદા ઉચાપતના મુદ્દાઓને જોરશોરથી ઉઠાવ્યા. પ્રથમ જ દિવસે લોકસભામાં વારંવાર કાર્યવાહી સ્થગિત કરવી પડી અને રાજ્યસભામાં પણ સામાન્ય કામગીરી થઈ શકી નહીં. સરકારે એક બિલ પસાર કર્યું જે સરકારી કાર્યક્રમોમાં રાષ્ટ્રગીત વંદે માતરમના સંપૂર્ણ સંસ્કરણને ફરજિયાત ગાવા પર અગાઉ ફેબ્રુઆરીમાં જારી કરાયેલી ગૃહ મંત્રાલયની માગદર્શિકાના અમલીકરણનો માર્ગ મોકળો કરે છે. વિપક્ષના વિરોધ વચ્ચે પસાર થયેલું ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) સુધારા બિલ, એવી ચિંતાઓને અવગણે છે કે તે સંઘવાદ અને સંસાધન સમૃદ્ધ પ્રદેશમાં રહેતા લોકોના અધિકારોને નબળા પાડી શકે છે. ખાણકામના નિયમોમાં આ સુધારો રાજ્યો અને સ્થાનિક સમુદાયોના ભોગે ઉતાવળમાં કાયદા ઘડવા અને કેન્દ્ર સરકારની સત્તાઓના સતત વિસ્તરણની કમનસીબ પેટર્નને ચાલુ રાખે છે. વિદ્યાર્થીઓના ગુસ્સાને શાંત કરવાના પ્રયાસમાં, ચોમાસુ સત્રમાં પરીક્ષામાં ગેરરીતિઓ સામે કડક પગલાં લેવામાં આવ્યા. શું આ પગલાં શિક્ષણ પ્રણાલીમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે પૂરતા સાબિત થશે કે કેમ તે જોવાનું રહેશે. પ્રધાને આખરે સત્ર દરમિયાન રાજીનામું આપ્યું. કાયદા બનાવવાના અન્ય બે પ્રયાસો – પ્રથમ, સીમાંકન પ્રક્રિયા માટે ઉતાવળમાં તૈયાર કરાયેલ નવું માળખું અને બીજું, વિદેશી યોગદાનનું નિયમન – સંપૂર્ણપણે સાકાર થવામાં નિષ્ફળ ગયા, આ પરિસ્થિતિ ટાળી શકાઈ હોત. સરકારે સીમાંકન અને પ્રસ્તાવિત ખભઈછ સુધારા બંને પર વ્યાપક અને વધુ પારદર્શક પરામર્શ કરવો જોઈતો હતો. ખભઈછ સુધારા બિલની હવે સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા તપાસ કરવામાં આવશે, કેન્દ્રએ તેના સીમાંકન દરખાસ્તો પર સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ, પ્રસ્તાવિત કાયદાનો ડ્રાફ્ટ પ્રદાન કરવો જોઈએ અને રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે પરામર્શ કરવો જોઈએ. વિપક્ષ સરકારના સીમાંકન અને ખભઈછના પગલાંને રોકવામાં સફળ થઈ શકે છે, જેમ ભાજપે પોતે જોયું છે તેમ, રાજકીય પરિસ્થિતિઓ ઝડપથી બદલાઈ શકે છે. કોઈ પણ સંજોગોમાં, સંસદને એવા મેદાન તરીકે ન જોવી જોઈએ જ્યાં એક પક્ષ બીજા પક્ષને હરાવે છે. તે દેશ સામેની સમસ્યાઓના ઉકેલ માટે સતત સંવાદ અને સામૂહિક શોધ માટેનું પ્લેટફોર્મ રહેવું જોઈએ.



## હાલારના હાલહવાલ



# કોંગ્રેસ દ્વારા વંદેમાતરમ ગીતના કથિત અપમાન બદલ ખંભાળીયામાં વિરોધ

## ભાજપ દ્વારા મોટી સંખ્યામાં કેન્ડલ માર્ચ યોજી પ્રચંડ વિરોધ દર્શાવ્યો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ગત ૧૫ ઓગસ્ટના રોજ દેશના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય કાર્યાલય ખાતે વંદે માતરમ રાષ્ટ્રગીતના થયેલા કથિત અપમાનના વિરોધમાં સમગ્ર દેશ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ આક્રોશ જોવા મળ્યો હતો. આ ઘટનાના વિરોધમાં ખંભાળિયા ખાતે ભાજપના હોદ્દેદારો અને આગેવાનો દ્વારા રવિવારે સાંજે કેન્ડલ માર્ચ રેલી યોજીને કોંગ્રેસના શિર્ષ નેતૃત્વ સામે ભારે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા



ભાજપના ઉપક્રમે ખંભાળિયાના મ્યુનિસિપલ ગાર્ડન ખાતે મોટી સંખ્યામાં કાર્યકરો એકત્ર થયા હતા અને ત્યાંથી જ્યોત સળગાવીને કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી, જ્યાં કાર્યકરોએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ સખત સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ કેન્ડલ માર્ચમાં જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, શહેર ભાજપ પ્રમુખ મિલનભાઈ કિરતસાતા, નગરપાલિકા પ્રમુખ વિજયભાઈ કણજારીયા, ઇન્દ્રજીતસિંહ પરમાર, પાલિકા કારોબારી ચેરમેન રાજ પાબારી, અમિતભાઈ ગઢવી, રસિકભાઈ નકુમ, કિરીટભાઈ ખેતીયા, ધીરુભાઈ ટાકોદરા, મુકેશભાઈ કાનાણી અને અશોકભાઈ કાનાણી સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.

# ખંભાળીયા નગરપાલિકાના સેનીટેશન સમિતિના ચેરમેનનો સપાટોઃ ૨૨ ગુટલી બાજો સફાઇ કામદારોની ગેરહાજરી પુરાઇ



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા નગરપાલિકાના સેનીટેશન સમિતિના ચેરમેન પુષ્પાબેન મોહિતભાઈ વાઘેલા દ્વારા આજરોજ સોમવારે સવારે વોર્ડ વાઇઝ સફાઈ કામગીરીનું જાતે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

તેમના દ્વારા વોર્ડ સુપરવાઇઝરો પાસેથી સફાઈ કામદારોની હાજરીના ડેઇલી રિપોર્ટ ચેક કરવામાં આવ્યા હતા. જેમાં ૨૨ જેટલા ગુટલીબાજ સફાઈ કામદારો ગેરહાજર જણાતા તેમના દ્વારા આવા સફાઈ કામદારોની જાતે જ ગેરહાજરી પૂરવામાં આવી હતી. આ ઉપરાંત વોર્ડ નં. ૮ તથા વોર્ડ નં. ૯ ના વોર્ડ મુકાદમો પોતાની ફરજમાં ગેરહાજર માલુમ પડતા ફરજમાં બેદરકારી દાખવવા બદલ આ મુકાદમોને નોટીસ આપી ખુલાસો માંગવા ચીફ ઓફિસરને ટેલિફોનીક જાણ કરવામાં આવી હતી.

ખંભાળિયા નગરપાલિકામાં લાંબા સમય બાદ પ્રથમ વખત આ પ્રકારે સેનીટેશન સમિતિના ચેરમેનના ઓચિંતા સરપ્રાઈઝ ચેકીંગથી ગુટલીબાજ સફાઈ કામદારો માં ફફડાટ ફેલાયો છે.

# દ્વારકાનાં વસઇ ગ્રીન ફિલ્ડ એરપોર્ટ પ્રોજેકટમાં વિલંબ થવાની શકયતા

## સરકારે વહીવટી તંત્રને એરપોર્ટ માટે વૈકલ્પિક સ્થળ શોધવા સુચના આપી

**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં પ્રસ્તાવિત વસઈ ગ્રીનફિલ્ડ એરપોર્ટના પ્રોજેક્ટને જમીન સંપાદનની મોટી અડચણનો સામનો કરવો પડી રહ્યો છે. વસઈ તથા આસપાસના ગામોના ખેડૂતો દ્વારા પોતાની ફળદ્રુપ ખેતીની જમીન સંપાદિત કરવા સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ખેડૂતોના આ વિરોધને ધ્યાને રાખીને રાજ્ય સરકારે ગઈકાલે દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્રને એરપોર્ટ માટે વૈકલ્પિક સ્થળ શોધવા સૂચના આપી હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં વધુ વિલંબ થવાની શક્યતા ઊભી થઈ છે.

વહીવટી તંત્ર દ્વારા અગાઉ દ્વારકા નજીક વસઈ ગામ આસપાસ એરપોર્ટ માટે આશરે ૩૫૦ એકર




જમીન ચિહ્નિત કરવામાં આવી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા અગાઉ સૂચવવામાં આવેલી અન્ય ત્રણ જગ્યાઓને ટેકનિકલ કારણોસર યોગ્ય ન ગણાતા આ વસઈ વિસ્તારની જમીન પસંદ કરાઈ હતી. ચિહ્નિત કરવામાં આવેલી આ જમીનમાંથી આશરે ૪૫ ટકા જમીન સરકારી માલિકીની હતી, જ્યારે બાકીની ૫૫ ટકા જમીન ખાનગી માલિકો અને સ્થાનિક ખેડૂતો પાસેથી સંપાદિત કરવાની યોજના ઘડી કાઢવામાં આવી હતી.

જમીન સંપાદનની કાર્યવાહી શરૂ થતાં જ વસઈ સહિત આસપાસના ચાર ગામોના ખેડૂતો અને માલધારીઓએ વિરોધનો મોરચો માંડ્યો હતો. ખેડૂતોનું કહેવું છે કે પસંદ કરાયેલી જમીન અત્યંત ફળદ્રુપ હોવાથી તેના સંપાદનથી તેમની રોજીરોટી છીનવાઈ જશે અને સ્થળાંતર કરવાની ફરજ પડશે. સ્થાનિકોએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ પ્રોજેક્ટના વિરોધમાં નથી, પરંતુ ફળદ્રુપ ખેતીની જમીનને બદલે સરકારે બિનઉપજાઉ કે ઓછી ખેતીલાયક જમીન પસંદ કરવી જોઈએ. રાજ્ય સરકારની નવી સૂચના બાદ હવે જિલ્લા તંત્ર માટે ૩૫૦ એકરનો સળંગ જમીનનો ટુકડો શોધવો સરળ નહીં રહે. જમીનની ઉપલબ્ધતા ઉપરાંત એવિએશનના ટેકનિકલ માપદંડો, સલામતી અને દ્વારકાધીશ મંદિરથી યોગ્ય અંતર જેવા પરિબળો ધ્યાને રાખવા પડશે. સૂત્રોના જણાવ્યા મુજબ, જો કોઈ યોગ્ય વૈકલ્પિક સ્થળ નહીં મળે, તો તંત્ર દ્વારા ફરીથી અગાઉના જ ખેડૂતો સાથે સંવાદ સાધીને સહમતી મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવી શકે છે.

# જામનગરમાં નશેબાજ પતિને પત્નીએ પકડાવ્યો

જામનગરના ગોકુલનગર સોમનાથ સોસાયટી શેરી નં.૨, માં રહેતા ફરિયાદી સુનીતાબેન દિલીપભાઈ નકુમ (ઉ.વ.૫૦) તા. ૧૧ ઓગસ્ટના રોજ સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં ઘરે હતા ત્યારે તેમના પતિ દિલીપ રામચંદ નકુમ (ઉંમર ૬૦), મજૂરી કામ કરતા, દારૂ પી તોફાન કરતા હોવાથી તેમણે ૧૧૨ પોલીસમાં ફોન કરી પોલીસ બોલાવી હતી. પોલીસે આરોપી પતિ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સર્પદંશથી મોટી વાવડીની બાળકીનું મોત

**સમય સંદેશઃ જામનગર**

ચોમાસાની ઋતુમાં સર્પદંશના કિસ્સાઓ વધતા હોય છે તેવામાં જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટી વાવડી ગામની વાડી વિસ્તારમાં રહી ખેત મજૂરી કરતા પરિવારની એક ૩ વર્ષની દીકરીનું સર્પ દંશથી મૃત્યુ નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર, મૂળ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ઘોઘા ગામના અને હાલ નવાગામ ખાતે વાડીમાં ખેતમજૂરી કરતા કમલેશભાઈ નાયકની ત્રણ વર્ષની પુત્રી શીવાનીબેન પોતાના મામા સાથે મોટી વાવડી ગામે સંજયભાઈ કાન્તીભાઈ અકબરીની ભાગમાં રાખેલી વાડીમાં રહેતી હતી. તા. ૧૬ ઓગસ્ટના રોજ સવારે ૧૦:૪૫ વાગ્યા પહેલાં કોઈ સમયે શીવાનીબેન વાડીના મકાનના ભોંયતળિયે સૂતી હતી ત્યારે તેને સાપે ડંખ માર્યો હતો. સાપ કરડતાં બાળકીની તબિયત લથડતાં તેને સારવાર માટે કાલાવડ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

જ્યાં ફરજ પરના તબીબે તપાસી બાળકીનું સાપ કરડવાથી મૃત્યુ થયું હોવાનું જાહેર કર્યું હતું. બનાવ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસમાં જાણ થતાં પોલીસે વધુ તપાસ આરંભી છે.

# જામનગરના પટેલ પાર્કમાં નાણાભીડથી કંટાળી યુવાને ઝેરી દવા પી કર્યો આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના રણજીતસાગર રોડ, પટેલ પાર્ક, આશીર્વાદ દિપ-૨ માં રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં સાગરભાઇ પ્રવિણભાઇ કટારમલ (ઉ.વ.૩૫) નામના યુવાનની છેલ્લા કેટલાંક સમયથી આર્થિક પરિસ્થિતિ નબળી હતી.

પોતાની આવી પરિસ્થિતિથી કંટાળી ગત તા.૮-૮-૨૦૨૬ ના રોજ સવારે છએક વાગ્યાના સમયગાળા દરમિયાન યુવાને પોતાના ઘરે પાકમાં નાખવાની ઝેરી દવા ગટગટાવી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી આ યુવાનને તાત્કાલિક સારવાર અર્થે શહેરની જી.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ગઇકાલે સાગરનું હોસ્પિટલના બિછાને મોત નિપજ્યું હતું. યુવાનના મોતને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ બનાવ અંગે શહેરના નંદનવન પાર્ક ખાતે રહેતાં આકાશભાઇ હસમુખભાઇ કટારમલે પોલીસને જાણ કરતાં સિટી એ ડિવિઝન પોલીસ મથકના એએસઆઇ ડી.વી.પરમાર સહિતનો પોલીસ સ્ટાફ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## નામ સુધારેલ છે

આથી હું જાહેર કરૂ છું કે મારૂ નામ સુધારીને કરમુર પ્રદિપ માંથી પ્રદિપકુમાર હમીરભાઈ કરમુર કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી.

**સરનામું**
૨૭, બાવાપાળો, સણખલા, સણખલા-૩૬૦૫૧૦, તા.-ભાણવડ, જી.-દેવભુમી દ્વારકા, નિયર બાલવી માતાજી ટેમ્પલ, ગુજરાત, સણખલા, સિમર, દેવભૂમિ દ્વારકા, ગુજરાત - ૩૬૦૫૧૦

### દ્વારકાના તળાવમાં ડૂબી જવાથી અજાણ્યા યુવાનનું મૃત્યુ

દ્વારકામાં આવેલા માયાસર તળાવમાં આશરે ૩૫ થી ૪૦ વર્ષની વયનો એક યુવાન કોઈ અગમ્ય કારણોસર પડી જતા આ તળાવના પાણીમાં ડૂબી જવાના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ અંગે દ્વારકાના રહીશ હરિભાઈ પાલાભાઈ પંડતની જાણ પરથી દ્વારકા પોલીસે અકસ્માત મૃત્યુ અંગેની નોંધ કરી, મૃતકના વાલી-વારસની શોધખોળ હાથ ધરી છે.

## અનુસંધાન

### દેતી મામલે બઘડાટી

(પાના નં. ૪ થી આગળ)

ચારેયે ભેગા મળી જાનથી મારી નાખવાની ધમકી આપતાં દીપકભાઈએ રાડારાડી કરતાં કારાભુંગાના શબીરભાઈ, જાવેદભાઈ તથા રાજુભાઈ નાનજીભાઈ પરમારે વચ્ચે પડી તેમને છોડાવ્યા હતા. ત્યારબાદ મિત્ર હિંમત ઉર્ફે મુના એક્ટિવા પર બેસાડી દીપકભાઈને સિક્કા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લઈ ગયો હતો.

### દારૂનો તોતિંગ જથ્થો

(પાના નં. ૪ થી આગળ)

આ સમગ્ર કાર્યવાહી એલસીબીના પી.એસ.આઈ. એમ.આર. સવસેટા તથા એસ.વી. કાંબલીયા તથા સ્ટાફના શક્તિસિંહ જાડેજા, શક્તિસિંહ ઝાલા, નરસિંહભાઈ સોનગરા, દિપકભાઈ રાવલીયા, ગોવિંદભાઈ કરમુર, વેજાણંદભાઈ બેરા, મુકેશભાઈ કેશરીયા અને મનહરસિંહ જાડેજાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### કોપર વાયર ચોરી

(પાના નં. ૪ થી આગળ)

આધારે તપાસ ચલાવીને બાલાભાઈ વાઘેલા, જસરાજ ઉર્ફે જગદીશ માતંગ, શનિ પરમાર અને વિપુલભાઈ રાઠોડ નામના ૪ આરોપીઓને ઝડપી લીધા હતા. જ્યારે આ ગુન્હામાં સંડોવાયેલા ધીરૂ સોલંકી, સંજય સોલંકી, અજય સોલંકી, પ્રવિણ વાઘેલા, કિશોરભાઈ સોલંકી અને સુનીલ સોલંકી નામના ૬ શખ્સોને પકડવાના બાકી છે.

પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ૪૮૮ કીલો કોપર વાયર (કિંમત ₹૧૦,૭૩,૬૦૦/-), પ્લાસ્ટિકની રબરની છાલના ટુકડા (કિંમત ₹૧૧,૦૦૦/-), ધારદાર છરી (કિંમત ₹૧૦૦/-), બજાજ મેક્સીમા રીક્ષા (કિંમત ₹૨,૫૦,૦૦૦/-), મારુતિ સ્વિફ્ટ કાર (કિંમત ₹૩,૦૦,૦૦૦/-) અને ૪ નંગ મોબાઈલ ફોન (કિંમત ₹૨૦,૦૦૦/-) મળીને કુલ ₹૧૬,૫૪,૭૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પકડાયેલા તમામ આરોપીઓ ગુનાહિત ઇતિહાસ ધરાવતા હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

### ધોરીમાર્ગ ફરી રકતરંજીત

(પાના નં. ૪ થી આગળ)

અકસ્માતમાં ગંભીર ઈજા થવાથી રાહુલકુમાર ઠાકુરનું સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે ધોનો હેમ્બ્રમ નામના યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા જી.જી. હોસ્પિટલ બાદ રાજકોટ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પણ મોત નીપજ્યું હતું. આ ઉપરાંત અકસ્માતમાં રિક્ષાચાલક કરણ માતંગ અને તુરી પુર્તિને ઈજાઓ પહોંચતા જામનગરની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ઘટના અંગે મેઘપર પોલીસે પીકઅપ ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### પાંચ ઝડપાયા

(પાના નં. ૪ થી આગળ)

બનાવવાનો ૨૦૦ લીટર આથો તથા રૂ. ૫,૦૦૦ ની કિંમતનો ૨૫ લીટર દેશી દારૂ અને એક મોબાઈલ પણ મળી, કુલ રૂ. ૨૩,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી, આરોપીઓની અટકાયત કરી હતી.

કલ્યાણપુર પોલીસે સતાપર ગામ તરફ તથા રોડ પરની ગોલાઈ પાસેથી મૂળ કલ્યાણપુર તાલુકાના માલેતા ગામના વતની અને હાલ જામનગરના રહીશ દિગુભા ગજુભા જાડેજા અને જામનગરમાં રહેતા દિવ્યેશ હસુભાઈ સવનીયા નામના બે શખ્સોને રૂ. ૩,૭૪૦ ની કિંમતની વિદેશી દારૂની ૧૦ બોટલ તેમજ રૂ. ૧૦,૦૦૦ ની કિંમતના બે ફોન મળી કુલ રૂ. ૧૩,૭૪૦ ના મુદ્દામાલ સાથે બંનેની અટકાયત કરી, પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી.

### કૃષ્ણ જન્માષ્ટમી

(પાના નં. ૩ થી આગળ)

શ્રદ્ધાળુઓ અને સત્સંગ મંડળો શોભાયાત્રા દરમિયાન માખણ ધરાવી શકશે. શોભાયાત્રા સમિતિના દિલીપભાઈ આશર, કિંજલભાઈ કારસરીયા, ભીમશીભાઈ પીઠિયા સહિતના અગ્રણીઓ દ્વારા સમગ્ર આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

### રાજપુત સમાજના સંગઠન

(પાના નં. ૩ થી આગળ)

એક્ટ-૨૦૨૬ના સુધારા વિધેયકમાં કેમ્પસમાં વિદ્યાર્થીઓને સમાનતા અધિકાર, જાતિ-ધર્મના ભેદભાવ નિતિથી સંવર્ણ વિદ્યાર્થીઓને અધિકારથી વંચિત રાખી સરકાર દ્વારા સવર્ણ સમાજના વિદ્યાર્થીની ઉચ્ચ અને ઉજ્જવળ કારકીર્દીથી વંચિત રાખવાના મનસ્વી નિર્ણય સામે અમારો વિરોધ છે.

### ડો.તોગડીયા

(પાના નં. ૧ થી આગળ)

ઘર નો સંપર્ક કરી ને ગલીએ ગલીએ સોસાયટીઓમાં હનુમાન ચાલીસા ના પાઠ કરાશે. સંપૂર્ણ ભારતમાં એક લાખથી પણ વધારે હનુમાન ચાલીસા કેન્દ્રના માધ્યમ દ્વારા હિન્દી સમાજનું સંગઠન કરવુંજેનો વિશ્વાસ માર્ગદર્શન ડો. પ્રવીણભાઈ તોગડિયા દ્વારા કાર્યકર્તાઓને અપાયો હતો.

સંગઠન મજબૂત બને જેના ભાગરૂપે વિવિધ જવાબદારીઓ જિલ્લા મંત્રીઅમિતભાઈ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જામનગર શહેર ઉપાધ્યક્ષ વિરલભાઈ ત્રિવેદી, જામનગર મીડિયા સેલ ઇન્ચાર્જ ધર્મેશભાઈ રાવલ, રાષ્ટ્રીય મહિલા પરિષદ શહેર હર્ષિદાબેન મહેતા રાષ્ટ્રીય મહિલા પરિષદ મંત્રી નિયતિબેન પાબારી ની નવી જવાબદારી અપાઇ હતી. કાર્યક્રમનું સંચાલન અમિતભાઈ તાલપરાએ કર્યું હતું. બેઠકને સફળ બનાવવા વિભાગ સંગઠન મંત્રી હિતેન્દ્રભાઈ ત્રિવેદી, ઉપેન્દ્રભાઈ ત્રિવેદી, અને શહેર પ્રમુખ વિશાલભાઈ પોપટે જહેમત ઉઠાવી હતી. આ બેઠક લાલવાડી વિસ્તારમાં આવેલ લેઉવા પટેલ સમાજની વાડી ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં બહોળી સંખ્યામાં હિન્દુવાદી વિચારધારાવાળા ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### 'નવીન' ટીમ

(પાના નં. ૧ થી આગળ)

વર્ષાબહેન દોશીની રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. વર્ષાબહેન ૨૦૦૭ અને ૨૦૧૨માં વઢવાણથી વિજેતા બન્યા હતા અને લાંબા સમયથી સંગઠનમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. મહેસાણા અને આણંદ જિલ્લાના સંગઠન ઇન્ચાર્જ તરીકે સફળ કામગીરી કર્યા બાદ હવે તેમને કેન્દ્રીય ટીમમાં સ્થાન આપીને મહિલા નેતૃત્વનું સન્માન કરવામાં આવ્યું છે. અમદાવાદની અમરાઈવાડી બેઠકના પૂર્વ ધારાસભ્ય જગદીશ પટેલને ભાજપે કેન્દ્રીય ટીમમાં રાષ્ટ્રીય મંત્રી તરીકે સામેલ કરીને સરપ્રાઇઝ આપ્યું છે. આ સિવાય ડિજિટલ અને પબ્લિક કમ્યુનિકેશનના નિષ્ણાત અને પૂર્વ કોંગ્રેસી નેતા રોહન ગુપ્તાને પણ રાષ્ટ્રીય મંત્રી બનાવવામાં આવ્યા છે. એપ્રિલ ૨૦૨૪માં ભાજપમાં જોડાયેલા રોહન ગુપ્તાને તેમની કમ્યુનિકેશન ક્ષમતા અને ડિજિટલ કેમ્પેઇનના અનુભવને ધ્યાને રાખીને સંગઠનમાં આ મહત્વની નિમણૂક સોંપાઈ છે.

### ભટ્ટી નેટવર્ક ધ્વસ્ત

(પાના નં. ૧ થી આગળ)

IED, હથિયારો, જીવતા કારતૂસ અને ગ્રેનેડ જપ્ત કર્યા છે. જપ્ત કરવામાં આવેલા કેટલાક ગ્રેનેડ પર પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરીની માર્કિંગ પણ મળી આવી છે. નેટવર્ક સાથે જોડાયેલા લોકો પાસેથી પિસ્તોલ, કારતૂસ તેમ જ જાસૂસી માટે ઉપયોગમાં લેવાતા CCTV કેમેરા પણ મળી આવ્યા છે.

એજન્સીઓના જણાવ્યાનુસાર આ નેટવર્ક આતંકી ગતિવિધિઓ અને દેશમાં હિંસા ફેલાવવાના કાવતરામાં સામેલ હતું. સમયસર કાર્યવાહી કરીને સુરક્ષા એજન્સીઓએ સ્વતંત્રતા દિવસ પહેલાં સંભવિત આતંકી કાવતરાને નિષ્ફળ બનાવ્યું છે. જુલાઈમાં મહારાષ્ટ્ર ATSએ શહેઝાદ ભટ્ટીના સંપર્કમાં આવેલા ૧૦૨ લોકોની પૂછપરછ કરી હતી.

ગૃહ મંત્રી અમિત શાહે આ કાર્યવાહી અંગે જણાવ્યું હતું કે મોદી સરકારે સ્વતંત્રતા દિવસ પહેલાં ISI સમર્થિત આતંકી જૂથ 'શહેઝાદ ભટ્ટી નેટવર્ક'ને ખતમ કરી દીધું છે અને ૨૦૦થી વધુ સભ્યોની ધરપકડ કરીને તેના ખતરનાક હુમલાના ઇરાદાઓને નિષ્ફળ બનાવ્યા છે.

તેમણે વધુમાં કહ્યું કે ભારતીય સુરક્ષા દળોએ ૧૪ રાજ્યોમાં અલગ-અલગ સ્થળોએ એકસાથે ઓપરેશન ચલાવીને આ નેટવર્કને ધ્વસ્ત કર્યું છે. આ કાર્યવાહી આતંકવાદ પ્રત્યે ભારતની 'ઝીરો ટોલરન્સ' નીતિનું ઉત્તમ ઉદાહરણ છે. અમિત શાહે જણાવ્યું કે ઈર્જાઈ પાસેથી ફંડ મેળવતા આ જૂથ પાસેથી ઈઊઉ, પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરીની માર્કિંગ ધરાવતા ગ્રેનેડ, પિસ્તોલ, જીવતા કારતૂસ અને જાસૂસી માટે ઉપયોગમાં લેવાતા ઈઈઝટ કેમેરા સહિત મોટી માત્રામાં સામગ્રી મળી આવી છે.

### ભીષણ આગ

(પાના નં. ૧ થી આગળ)

સેફ્ટી એન્ડ હેલ્થની ટીમ સહિત ૮થી વધુ ફાયર બ્રિગેડના વાહનો તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા.

ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થના ડેપ્યુટી ડાયરેક્ટર દિનેશ ગામીતે જણાવ્યું હતું કે, આગ કંપનીના વેરહાઉસમાં રાખવામાં આવેલા સોલ્વન્ટના ડ્રમમાં લાગી હતી. સદનસીબે વેરહાઉસમાં ઘટના સમયે કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે અને તમામ કર્મચારીઓ સુરક્ષિત છે. ૮ જેટલા ફાયર ટેન્ડરોની મદદથી પાણી અને ફોમનો મારો ચલાવીને આગ પર મોટાભાગે કાબૂ મેળવી લેવાયો હતો.

તંત્રના જણાવ્યા અનુસાર આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી, પરંતુ સોલ્વન્ટ ઢોળાવાથી અથવા તો સ્ટેટિક ચાર્જના કારણે આગ ભભૂકી હોવાની પ્રાથમિક શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ કંપનીમાં થયેલા આર્થિક નુકસાનનું આકલન (એસેસમેન્ટ) કરવામાં આવી રહ્યું છે અને તપાસ બાદ વિગતવાર અહેવાલ સામે આવશે.

## સરકારમાન્ય બૉન્ડ રાઈટર

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

# મનપા દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે દેશભક્તિ સભર સાંસ્કૃતિક કાર્યક્રમઃ પદાધિકારીઓ અને નગરજનો ગરબે ઘૂમ્યા






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે જામનગર મહાનગરપાલિકા દ્વારા ગઇકાલે દેશભક્તિના ગીત-સંગીતથી ભરપૂર ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત માતાની જયઘોષ અને તિરંગાની શાન સાથે યોજાયેલા આ રંગારંગ કાર્યક્રમમાં બોહળી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા અને દેશભક્તિના સંગીતના સુરો પર ઝૂમી ઉઠ્યા હતા.

આ પ્રસંગે મેયર શ્રીમતી મોનિકાબેન વ્યાસ, મ્યુનિસિપલ કમિશનર શ્રી દીપકભાઈ કેડિયા, શહેર ભાજપ પ્રમુખ શ્રીમતી બીનાબેન કોઠારી, ડેપ્યુટી મેયર શ્રી રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ધીરેનભાઈ મોનાલી, શાસક પક્ષના નેતા શ્રી અમરભાઈ મોદી તેમજ દંડક શ્રીમતી પ્રવીણાબેન રૂપડીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ડેપ્યુટી કમિશનર શ્રી બી.એન. ઝાલા, સિટી એન્જિનિયર શ્રી ભાવેશભાઈ જાની, પૂર્વ શહેર પ્રમુખ શ્રી હસમુખભાઈ હિંડોચા, શહેર ભાજપ મહામંત્રી શ્રી ભાવેશભાઈ કાનાણી, શ્રી મૃગેશ દવે, ટાઉન પ્લાનિંગ કમિટી ચેરમેન શ્રી સુભાષભાઈ જોશી સહિતના કોર્પોરેટરો, અધિકારીઓ અને કર્મચારીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન દેશભક્તિના ગીતોની ધૂન પર માત્ર નગરજનો જ નહીં, પરંતુ ઉપસ્થિત કોર્પોરેટરો અને મનપાના અધિકારીઓ પણ મન મૂકીને નાચ્યા હતા અને ગરબે ઘૂમ્યા હતા. શાનદાર સંગીત અને નૃત્ય સાથે સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

# જામનગર જિલ્લામાંથી ચાર નાયબ કલેકટરની બદલી સામે ત્રણની નિમણૂંક

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત સરકારે રાજ્યના વહીવટી તંત્રમાં મોટો ફેરફાર કરતા ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (જીએએસ) કેડરના કુલ ૧૪૪ ક્લાસ-૧ અધિકારીઓની સાગમટે બદલી કરી છે. જેમાં જામનગર જિલ્લાના ચાર નાયબ કલેક્ટરોની બદલી કરવામાં આવે છે. જ્યારે અન્ય જિલ્લામાં ત્રણ નાયબ કલેક્ટર તરીકે નિમણૂક કરાઇ છે.

મહેસૂલ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આદેશ અનુસાર ડેપ્યુટી કલેક્ટર, પ્રાંત અધિકારી અને અન્ય વરિષ્ઠ વહીવટી અધિકારીઓને વિવિધ જિલ્લાઓમાં નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ બદલી તાત્કાલિક અસરથી અમલમાં આવશે. બદલીના આદેશ મુજબ અનેક ડેપ્યુટી કલેક્ટરો અને પ્રાંત અધિકારીઓની પરસ્પર બદલી કરવામાં આવી છે. કેટલાક અધિકારીઓને જિલ્લા વિકાસ સાથે જોડાયેલી મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે, જ્યારે કેટલાકને મહાનગરપાલિકા અને જિલ્લા કચેરીઓમાં નવી પોસ્ટિંગ આપવામાં આવી છે.

આ બદલીના આદેશમાં જામનગર જિલ્લા મહેસૂલ વિભાગમાં ફરજ બજાવતા જામનગર ગ્રામ્ય પ્રાંત અધિકારી બ્રિજેશ કાલરીયાની ડેપ્યુટી કમિશ્નર મોરબી મહાનગરપાલિકા ખાતે બદલી કરાઈ છે. નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી ડી.એચ.કોટકની પ્રાંત અધિકારી બગસરા ખાતે બદલી કરાઈ છે. સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેકટર આદર્શ બસરની બદલી ડેપ્યુટી ડાયરેકટર મુખ્યમંત્રી હેલ્પલાઈન યુનિટ માં થઈ છે.

ડેપ્યુટી ડીડીઓ અમરેલી તરીકે બદલી થઈ છે.અને જામનગર પુરવઠા અધિકારી એસ.ડી.બારડની બદલી અમરેલી જિલ્લા પંચાયતમા ડેપ્યુટી ડીડીઓ તરીકે મુકવામાં આવ્યા છે જામનગર જિલ્લાના મહેસૂલ વિભાગમાં પ્રાંત અધિકારી જામનગર ગ્રામ્ય તરીકે શાંતીબેન વી.ઢીલા મુકાયા છે.તેમજ સ્ટેમ્પ ડ્યુટી ડેપ્યુટી કલેકટર તરીકે પુનમ પરમાર મુકાયા છે. ધ્રોલ પ્રાંત અધિકારી તરીકે ગૌતમ લોડાલીયા મુકાયા છે.

રાજ્ય સરકારનો આ વહીવટી ફેરબદલ જિલ્લા સ્તરે કામગીરીને વધુ સુવ્યવસ્થિત બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. નવી પોસ્ટિંગ બાદ વિવિધ જિલ્લાઓમાં મહેસૂલી અને વહીવટી સેવાઓના સંકલનને વધુ મજબૂતી મળશે

# જામનગર જિલ્લાના ૧૦ પોલીસ ઇન્સ્પેક્ટરની કરાઇ આંતરિક બદલી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પોલીસ આલમમાં એકસાથે ૧૦ પીઆઈની આંતરિક બદલીનો ઘાણવો નીકળતા પોલીસ લોબીમાં આ મુદ્દો ખૂબ ચર્ચાનો વિષય બન્યો છે. જિલ્લા પોલીસ તંત્રમાં વહીવટી કારણોસર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની દ્વારા ૧૦ પીઆઈની આંતરિક બદલીનો હુકમ કરી નવી જગ્યાએ ફરજ સોંપાઈ છે. મહત્વનું છે કે બે દિવસ અગાઉ રેન્જ ડીઆઇજી નિર્લિપ્ત રાયની હાજરીમાં વાર્ષિક ઇન્સ્પેક્શન યોજાયા બાદ તરત જ પોલીસે આલમમાં મોટા બદલાવ કરાયા છે. જેને લઈને ચર્ચા વ્યાપી છે.

ચર્ચાતી નામ સિટી-બી પોલીસ સ્ટેશનના પીઆઇ એન.એમ. ગઢવીનું રહ્યું છે કારણ કે અંદાજે ૫ માસ પહેલા જ તેઓને સિટી બી ડિવિઝન પોલીસ મથકના પિઆઈ બનાવાયા હતા. જેની ટૂંકા ગાળામાં બદલી કરી સિક્કા પોલીસ સ્ટેશન ખાતે ફરજ સોંપવામાં આવી છે, જ્યારે સિક્કા પોલીસ સ્ટેશનના પીઆઇ ડી.બી. પટેલને લીવ રિઝર્વમાં મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત જામજોધપુર પોલીસ મથકના પીઆઇએન.બી. ચૌહાણની કારની હડફેટે આવેલા બે વ્યક્તિના મોત થયા હતા. પીઆઈ ખુદ કાર ચલાવતા હોવાથી તેમની સામે ગુનો નોંધાયા બાદ તેઓને લીવ રિઝર્વમાં મૂકી દેવાયા હતા. ત્યારબાદ હવે એન.બી. ચૌહાણને સિટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે નિમણૂક આપવામાં આવી છે.

જ્યારે લીવ રિઝર્વના પીઆઈ કે.એલ. ગળચરને એરપોર્ટ સિક્યુરિટી ખાતે, ધ્રોલ પોલીસ સ્ટેશનના પીઆઇ એચ.વી. રાઠોડને સિટી-સી પોલીસ સ્ટેશન ખાતે અને સિટી-સી પોલીસ સ્ટેશનના પીઆઇ એન.બી. ડાભીને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની જવાબદારી સોંપાઈ છે. તેમજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પીઆઇ આઈ.એ. ઘાસુરાને પંચકોશી એ ડિવિઝન, પંચકોશી-એ ડિવિઝનના પીઆઈ એમ.એન. શેખને જામજોધપુર પોલીસ સ્ટેશનના પીઆઇ તરીકે ફરજ સોપાઇ છે.

એટલે જામજોધપુર પીઆઈના ચાર્જમાં રહેલા અધિકારીને હવે વધારાનો ચાર્જમાંથી મુક્ત કરાયા છે. એરપોર્ટ સિક્યુરિટીના પીઆઈ જે.પી. સોઢાને જોડિયા પોલીસ સ્ટેશન ખાતે તેમજ જોડિયા પોલીસ સ્ટેશનના પીઆઇ પી.એન. ખાચરને ધ્રોલ પોલીસ સ્ટેશન ખાતે ફરજ સોંપવામાં આવી છે.

# જામનગરમાં કૃષ્ણ જન્માષ્ટમીએ નિકળશે સાર્વજનિક શોભાયાત્રા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

છોટી કાશી તરીકે ઓળખાતા જામનગરમાં સતત ૨૦મા વર્ષે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની સાર્વજનિક શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર ખાતે જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રીના સાનિધ્યમાં મળેલી બેઠકમાં વિવિધ ધાર્મિક-સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ અંગેની આખરી તૈયારીઓ સમીક્ષા કરવામાં આવી હતી. આગામી ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૮:૩૦ કલાકે ખીજડા મંદિર ખાતેથી નીકળનારી આ શોભાયાત્રામાં વિવિધ સંસ્થાઓના ધાર્મિક ફ્લોટ્સ જોડાશે, જ્યારે શહેરભરમાં ઠેર-ઠેર મટકી ફોડ અને પ્રસાદ વિતરણના કાર્યક્રમો યોજાશે.

શોભાયાત્રા પૂર્વે જામનગરમાં સનાતન સંસ્કૃતિની ગૌરવભેર ઝાંખી કરાવવા માટે આજના રોજ એટલે કે બુધવારે (૧૯ ઓગસ્ટ) સાંજે ૭:૦૦ વાગ્યે ખીજડા મંદિર ખાતેથી સૌપ્રથમ વખત 'હર ઘર ભગવા અભિયાન'નો શુભારંભ કરાશે. આ અભિયાન હેઠળ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ૫,૦૦૦થી વધુ ખાસ ભગવા ધ્વજનું વિતરણ શરૂ કરાયું છે. આ સાથે જ શોભાયાત્રા સમિતિ દ્વારા એક ખાસ ડિજિટલ સેલ્ફીનું લોકાર્પણ પણ કરવામાં આવશે, જેનાથી ધર્મપ્રેમીઓમાં ઉત્સાહ વધશે. જન્માષ્ટમીના એક દિવસ પૂર્વે ૩ સપ્ટેમ્બરના રોજ સતત બીજા વર્ષે 'કાન્હાને મારું માખણ' કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેમાં

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ભાજપ દ્વારા સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મ જયંતી નિમિત્તે કળશ યાત્રા યોજાઈ





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મ જયંતી નિમિત્તે ગઈકાલે સોમવારે (૧૭ ઓગસ્ટ) ભવ્ય કળશ યાત્રાનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦:૦૦ વાગ્યે ટાઉન હોલ ખાતે આવેલા રાધાકૃષ્ણ મંદિરથી આ ધાર્મિક અને સામાજિક કળશ યાત્રાનો પ્રારંભ થયો હતો, જેમાં મોટી સંખ્યામાં અગ્રણીઓ અને કાર્યકરો જોડાતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ ભવ્ય કળશ યાત્રા રાધાકૃષ્ણ મંદિર ટાઉન હોલથી શરૂ થઈને વિભાજી સ્કૂલ, શહેર ભાજપ કાર્યાલય, દુઃખ ભંજ ન મહાદેવ મંદિર અને પાબારી હોલ થઈને તળાવ પાસે પહોંચી હતી. આ સમગ્ર રૂટ પર કળશ યાત્રાનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમરસતા સંકલ્પ અભિયાનના પ્રદેશ સહ-ઇન્ચાર્જ અને અતિથિ વક્તા શ્રી મહેશભાઈ રાઠોડ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સંત શ્રી ગુરુ રવિદાસ મહારાજના વિચારો તથા સામાજિક સમરસતાના સંદેશ અંગે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું.

ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગરના પ્રમુખ શ્રીમતી બીનાબેન કોઠારીના નિમંત્રણ હેઠળ યોજાયેલા આ પ્રોગ્રામમાં પક્ષના વિવિધ હોદ્દેદારો, કાર્યકરો તેમજ નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# યુજીસી કાયદા સુધારણાના વિરોધમાં રાજપુત સમાજના સંગઠ્ઠન દ્વારા વિરોધ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશન કાયદો-૨૦૨૬નો રાજસ્થાન સહિતના રાજ્યોમાં સવર્ણોએ ભારે વિરોધ કર્યો છે, ત્યારે જામનગરમાં પણ રાજપુત સમાજના વિવિધ સંગઠનોએ એક થઈને વિદ્યાર્થીઓના સમાનતાના અધિકાર અને જાતિ-ધર્મ ભેદભાવ નિતિ હેઠળ સવર્ણ વિદ્યાર્થીઓ-સવર્ણ સમાજ માટે અવાજ ઉઠાવ્યો છે. શહેરમાં બેનરો સામે સવર્ણો દ્વારા થયેલું આ પ્રથમ આંદોલનાત્મક કદમ છે.

રાજપુત સમાજની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, અગ્રણીઓએ એકઠા થઈને બેનરો સાથે જામનગરની રાજપુત સેવા સમાજના હોદ્દેદારો, જામનગર શહેર-જિલ્લા રાજપુત યુવા સંઘના શહેર પ્રમુખ હિતેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા પ્રમુખ જગદીશસિંહ ડી. જાડેજા,, રાજપુત કરણી સેનાના ગુજરાત અધ્યક્ષ વીરભદ્રસિંહ જાડેજા, ઉપાધ્યક્ષ દોલુભા જાડેજા વગેરેએ કલેક્ટર કચેરીના પ્રાંગણમાં બેનરો સાથે રોષભેર પ્રદર્શન યોજીને જિલ્લા કલેક્ટર પી. બી. પંડયાને રૂબરૂ મળીને આવેદન આપી જણાવ્યું હતું કે, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં બે સ્થળે આગના છમકલાઃ આમરા ગામ નજીક છોટાહાથીમાં આગ




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર ખંભાળિયા હાઈવે રોડ ઉપર આમરા ગામના પાટીયા નજીક પસાર થઈ રહેલા છોટા હાથી વાહનની કેબિનમાં એકાએક આગ લાગી હતી. એકાએક આગ લાગતા હાઈવે રોડ ઉપરથી પસાર થતા વાહનો થંભી ગયા હતા. આગ અંગે જામનગર મહાનગરપાલિકાના ફાયરબ્રિગેસને જાણ કરતા ફાયરબ્રિગેડના ટીમ બનાવ સ્થળે પહોંચી જઈ એક પાણીની ફાયર ની ગાડીનું ફાયરિંગ કરીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જો કે છોટા હાથીના ડ્રાઈવર ની સમય સૂચના સાથે તેઓ વાહન ઉભી રાખીને પોતે બહાર નીકળી ગયા હતા.

આગનો બીજો બનાવ શહેરના પટેલ કોલોની મેઇન રોડ ઉપર પટેલ સમાજ સામે આવેલ પ્લસ એપાર્ટમેન્ટ ના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલા ઇલેક્ટ્રિક મીટર માં એકાએક શોર્ટ સર્કિટ આગ લાગી હતીં. જેને લઈ લોકોના ટોળકજે અંગે ફાયર બ્રિગેડ ને જાણ કરતા ફાયરની ટીમ દોડી ગઈ હતી. આ સાથે પીજીવીસીએલ ની ટીમ દોડી ગઈ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

જોકે આગને લઈને પીજીવીસીએ ટીમે વીજપુરવઠો બંધ કરી દીધો હતો. આગથી વીજ મીટર ને નુકશાન થયું હતું. આગને લઇ આસપાસના લોકોના ટોળા એકત્ર થયા હતા. ત્રીજા બનાવમાં જામનગર ખોડીયાર કોલોની પંચેશ્વર મહાદેવ મંદિર ની બાજુમાં મધરાતે ટીસીમા આગ ફાયર બ્રિગેડે દોડી જઈ આગ બુઝાવી હતી.

# જામનગર જિલ્લામાં દારૂના ચાર દરોડામાં ૪ શખ્સો ઝપટેઃ મહિલા સહિત ૨ ફરાર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રાજનગર વિસ્તારમાં સત્યમ પેટ્રોલ પંપ પાસેથી પોલીસે તુષાર ઉર્ફે ભુરો પ્રકાશભાઇ ગોહિલ (ઉ.વ.૩૦)ને રૂ. ૯ હજારની કિંમતના ૬૦ ચપટા દારૂના જથ્થા સાથે પકડી પાડ્યો હતો. જેની તપાસમાં સમીર ઉર્ફે મલ્લો રજાકભાઇ અંસારીની સંડોવણી સામે આવતા તેને ફરાર જાહેર કરી તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

આ ઉપરાંત સિક્કાના કારાભુંગા વિસ્તારમાં પોલીસે એક રહેણાંક મકાનમાં દરોડો પાડી કાંતી રમેશભાઇ મકવાણા (ઉ.વ.૩૯)ને ૩૦ લીટર કાચો આથો, કિંમત રૂ.૬૦૦ તથા અડધો લીટર દેશી દારૂ, કિંમત રૂ.૧૦૦, મળી કુલ રૂ.૭૦૦નો મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો. આ જ વિસ્તારમાં મંજુબેન નાનજીભાઇ પરમારના મકાનમાંથી દેશી દારૂ બનાવવાનો ૧૫૦ લીટર કાચો આથો સહિત રૂ.૩ હજારનો મુદામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

વધુમાં જામનગરના ભીમવાસ શેરી નં.૩, હનુમાનજી મંદિર પાસે જાહેરમાં પોલીસે દરોડો પાડી અજય નરશીભાઇ બાંભણીયા (ઉ.વ.૨૪) અને કમલેશભાઇ બાબુભાઇ મકવાણા (ઉ.વ.૩૦)ને ઝડપી લીધા હતા. બંને પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૬ ચપટી બોટલ, કિંમત રૂ.૪,૮૦૦, મળી આવી હતી.

# શ્રાવણના પહેલાં સોમવારે વહેલી સવારથી શિવાલયોમાં ઉમટતા ભાવિકો







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે છોટી કાશી ગણાતા જામનગરમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો. ગઈકાલે વહેલી સવારથી જ શહેરના તમામ શિવાલયોમાં ભોળાનાથના દર્શન અને પૂજા-અર્ચના કરવા માટે શિવભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. શિવાલયોમાં ભક્તો દ્વારા બિલિપત્ર ચડાવી જળાભિષેક અને રુદ્રાભિષેક કરવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ 'હર હર મહાદેવ' અને 'ઓમ નમઃ શિવાય'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. જામનગરના પુરાણપ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવ, ભીડભંજન મહાદેવ, કાશી વિશ્વનાથ, નાગેશ્વર, નીલકંઠ, વૈજનાથ, પ્રતાપેશ્વર, નર્મદેશ્વર, જળેશ્વર, સુખનાથ તેમજ મણીકંકેશ્વર મહાદેવ મંદિર સહિતના તમામ નાના-મોટા શિવાલયોમાં દર્શન માટે ભક્તોની લાંબી લાઈનો જોવા મળી હતી. પ્રથમ સોમવાર નિમિત્તે વિવિધ મંદિરોમાં શિવલિંગ પર વિશેષ શૃંગાર અને પૂજા વિધિના આયોજનો કરવામાં આવ્યા હતા, જેનો બહોળી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લ્હાવો લીધો હતો. રોગચાળાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખી જામનગર મહાનગરપાલિકાના સફાઈ તંત્ર દ્વારા શિવાલયોના પરિસર અને આસપાસના વિસ્તારોમાં ખાસ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. દર્શનાર્થીઓની ભારે ભીડને સુચારૂ રીતે નિયંત્રિત કરવા માટે પોલીસ વિભાગ અને હોમગાર્ડના જવાનોને તૈનાત કરાયા હતા. આ ઉપરાંત મંદિર તરફ જતા મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર પૂર્વવત રહે તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા પણ ખાસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# જિલ્લામાં જામ્યો શ્રાવણી જુગારઃ નવ મહિલા સહિત ૪૦ પકડાયા

**સમય સંદેશઃ જામનગર**

શ્રાવણ માસ શરૂ થતાં જ જામનગર શહેર અને જિલ્લામાં જુગારની પ્રવૃત્તિઓ પર પોલીસે લાલ આંખ કરી છે. ગઈકાલે જિલ્લા પોલીસે અલગ-અલગ આઠ સ્થળોએ દરોડા પાડીને કુલ ૯ મહિલાઓ સહિત ૪૦ જુગારીઓની અટકાયત કરી છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ ₹૮૦,૦૦૦થી વધુની રોકડ રકમ કબ્જે કરી છે, જ્યારે દરોડા દરમિયાન નાસી છૂટેલા ૩ શખ્સો સામે પણ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સિટી બી ડિવિઝન પોલીસે રાંદલનગર વિસ્તારમાંથી જયપાલસિંહ જાડેજા, રમાબેન ચાવડા, વનીતાબેન મહેતા, ગીતાબા જાડેજા અને અમીબેન ટોયટા નામના ૫ જુગારીઓને ₹૧૦,૧૫૦ની રોકડ સાથે ઝડપ્યા હતા. કાલાવડ ટાઉન પોલીસે માછરડા સોસાયટી માંથી હિતેશભાઇ ગોહેલ, રમીલાબેન ચંદ્રપાલ અને અંજલીબેન સોંદરવાને ₹૩,૨૨૦ સાથે અટકાયતમાં લીધા હતા. લાલપુર પોલીસે પીપરટોડા ગામેથી શકિતસિંહ જાડેજા, રમેશભાઇ ચોહાણ અને વીવેકભાઇ અગ્રાવતને પકડ્યા હતા, જ્યારે અનિરૂધ્ધ પટેલ, પ્રધ્યુમનસિંહ જાડેજા અને રજનીકાંતભાઇ સંઘાણી નાસી જતાં ફરાર જાહેર કરાયા છે. આ સ્થળેથી ₹૨૫,૧૯૦ની રોકડ કબ્જે કરાઈ હતી.

લાલપુર પોલીસે રીંઝપર ગામેથી વીક્રમસિંહ જાડેજા, હેમંત બેલા, દેવાયત વસરા અને પીઠા વસરાને ₹૧૦,૨૫૦ તથા નવીપીપર ગામેથી ચંદ્રેશભાઇ પીંગળ, રાજુભાઇ માતંગ અને મેઘાભાઇ પીંગળને ₹૨,૫૧૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. શેઠવડાળા પોલીસે બુટાવદર ગામેથી વિજ્યાબેન મકવાણા, ચંદ્રીકાબેન મકવાણા, જોષનાબેન ધુળા, રસીલાબેન મકવાણા અને મનીષાબેન ચાવડાને ₹૨,૨૦૦ સાથે ઝડપ્યા હતા. સિટી સી ડિવિઝન પોલીસે હિંગળાજ ચોકમાંથી વિજયભાઇ અસ્વાર, મખન પટેલ, મુકેશ જાતે, દિપુ અલી, સાહીલ જાટવ, અનુપકુમાર રાજપુત, છોટુ મડૈયા, બહાદુર યાદવ, વિક્રમ રાવત અને નન્હે મનોજને ₹૧૫,૨૫૦ સાથે તથા ગોકુલનગર વિસ્તારમાંથી નિલુકુમાર કુશવાહા, મિથલેશકુમાર કુશવાહા, મોહિત રાવત, શાનુ કુશવાહા, નિરજ કુશવાહા, રોહીત કુશવાહા અને અમરસિંહ કુશવાહાને ₹૧૧,૬૦૦ની રોકડ સાથે અટકાયતમાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના રામેશ્વરનગરમાં પૈસાની લેતી-દેતી મામલે બઘડાટી

## આ ઉપરાંત દિગ્વિજય પ્લોટમાં પણ મારામારીની ઘટનાઃ પૉલીસ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રામેશ્વરનગર, ગાયત્રીનગરમાં રહેતા જયપાલસિંહ વિક્રમસિંહ ચુડાસમાએ પોતાના મિત્ર એવા આરોપી મહીપાલસિંહ આશિષસિંહ રાણાને એક વર્ષ અગાઉ રૂ.૫ લાખ રૂપિયા આપ્યા હતા. આ રૂપિયાની જયપાલસિંહ માંગણી કરતો હોવાથી આરોપી મિત્રએ ઓફિસે બોલાવી હુમલો કર્યો હતો. આના બંને પગ ભાંગી નાખો આ આખી જિંદગી ચાલવો ના જોઇએ.. તેમ કહી આરોપી મહીપાલસિંહ આશિષસિંહ રાણા, તેનો ભાઈ વિક્રમસિંહ આશિષસિંહ રાણા અને બે અજાણ્યા શખ્સો છરી, પાઇપ અને લાતો વડે બેફામ માર મારતા યુવાનના હાથ અને પગમાં ફેક્ચર સહિતની ઇજા પહોંચી હતી.

આ ઉપરાંત દીગ્વિજય ગ્રામ કારાભુંગામાં રહેતા દીપકભાઈ કેશુભાઈ ચૌહાણ એ પુષ્પાબેન અને જોષનાબહેન, સુરેશભાઈ તથા તેની માતા ખીમીબેન સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર તા.૧૫ ઓગસ્ટના બપોરે આશરે સાડા ચાર વાગ્યે તેઓ પોતાના કાકા દિનેશભાઈના ઘરે કામસર જઈ રહ્યા હતા. દરમિયાન પુષ્પાબેન વાલજીભાઈ ચૌહાણના ઘર સામે પહોંચતાં પુષ્પાબેન તથા તેમની બહેન જોષ્નાબેન ત્યાં ઊભા હતા.

બંનેએ દીપકભાઈને અહીંથી નહીં નીકળવા કહી અપશબ્દો બોલી ધમકાવ્યા હતા. આ દરમિયાન બંને બહેનો સાથે બોલાચાલી થતાં તેમના ભાઈ સુરેશ વાલજીભાઈ ચૌહાણ તથા માતા ખીમીબેન વાલજીભાઈ ચૌહાણ પણ લાકડાના ધોકા લઈને આવી ગયા હતા. ફરિયાદ મુજબ સુરેશભાઈએ ધોકો માથામાં મારતાં દીપકભાઈને માથામાં ફ્ટ ઈજા થઈ હતી, અને લોહી નીકળ્યું હતું. જયારે ખીમીબેને ધોકા વડે વાસાના ભાગે, જમણા હાથના કાંડા તથા કોણી નીચેના ભાગે અને કમરના ભાગે માર માર્યો હતો. પુષ્પાબેન તથા જોષ્નાબેને ઢીકાપાટુનો માર માર્યો હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

અનુ પાના નં.૨ પર

# ભાણવડના ગ્રામ્ય વિસ્તારમાંથી રૂ. ૧૩.૨૮ લાખની કિંમતનો વિદેશી દારૂનો તોતિંગ જથ્થો ઝડપાયો

## દારૂની ૧૮૩૮ બોટલ અને બિયરના ૩૬૦ ટીન કબજે કરતી એલસીબી પોલીસ



**સમય સંદેશઃ ભાણવડ**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ શ્રાવણની જુગાર સાથે વિદેશી દારૂ સામે પણ કડક હાથે કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એલસીબીની ટીમ દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેને અનુલક્ષીને એલ.સી.બી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીના વડપણ હેઠળ એલ.સી.બી.ના પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી અને અને એમ.આર. સવસેટાની ટીમ દ્વારા રવિવારે કરવામાં આવેલી કાર્યવાહીમાં ભાણવડ તાલુકાના રાણપર ગામના વાડી વિસ્તારમાં રહેતા ખીમા ઉર્ફે લાખો બોઘા શામળા (રબારી) અને ધામણી નેસ વિસ્તારમાં રહેતા બધા કાના રબારી નામના બે શખ્સોએ અન્ય સ્થળેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવીને રાણપર ગામની સીમમાં એક આસામીની વાડીની બાજુમાં આવેલા ખરાબાની જગ્યામાં છુપાવીને રાખ્યો હતો.

અહીં એલસીબીની દરોડો પાડતા આ સ્થળેથી પોલીસને વિદેશી દારૂની અલગ અલગ ત્રણ બનાવટની રૂ. ૧૨,૮૨,૭૦૬ ની કિંમતની કુલ ૧,૮૩૮ બોટલ તેમજ રૂ. ૪૫,૦૦૦ ની કિંમતના બિયરના ૩૬૦ ટીન મળી આવ્યા હતા. આમ, પોલીસે કુલ રૂપિયા ૧૩,૨૭,૭૦૬ ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત બંને શખ્સોની અટકાયત કરી, વધુ તપાસ અર્થે આરોપીઓનો કબજો ભાણવડ પોલીસની સોંપ્યો છે.

અનુ પાના નં.૨ પર

# જામનગરના શેઠવડાળા પવનચક્કીના કોપર વાયર ચોરીનો ઉકેલાયો ભેદ

## જામનગર એલ.સી.બી.એ ૧૬.૫૪ લાખના મુદ્દામાલ સાથે ૪ શખ્સોને પકડ્યા



તસવીરઃ હિરેન ગાંધી




**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં બનેલ અને ડીટેક્ટ ન થયેલ ગુન્હાઓ શોધી કાઢવા આપેલ સૂચના અન્વયે જામનગર એલ.સી.બી. પોલીસે શેઠવડાળા પોલીસ સ્ટેશન વિસ્તારના જશાપર ગામની સીમમાં પવનચક્કીના ટાવર ખાતેથી થયેલ કોપર વાયરની ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. એલ.સી.બી. ટીમે ચોરી કરેલ કોપર વાયર, વાહનો અને મોબાઇલ ફોન મળી કુલ ₹૧૬,૫૪,૭૦૦/- ના મુદ્દામાલ સાથે ૪ આરોપીઓને જામનગર શહેરના મહાકાળી સર્કલ પાસે આવેલ ભંગારના ડેલામાંથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગત તા. ૨૪/૦૭/૨૦૨૬ ના રોજ શેઠવડાળાથી જશાપર ગામ તરફ જવાના રસ્તે પવનચક્કીના ટાવર લોકેશન પરથી લાકડાના ડ્રમમાંથી આશરે ૩૬૪ મીટર (કિંમત ₹૩,૧૦,૮,૬૦૦/-) નો કોપર કેબલ વાયર ચોરી થયો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જે અનુસંધાને એલ.સી.બી.ની ટીમે ખાનગી હકીકત અને ટેકનીકલ સોર્સના

અનુ પાના નં.૨ પર

# જામનગરના રણમલ તળાવમાં કાચબા અને માછલાના મોતને પગલે જીપીસીબી અને ફીસરીઝ વિભાગની ટીમ તપાસમાં જોડાઇ

## પાણીના દૂષિત થવાથી મોત થયાની આશંકાઃ જીપીસીબી દ્વારા નમૂના લઈ વૈજ્ઞાનિક તપાસ શરૂ




તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ઐતિહાસિક રણમલ (લાખોટા) તળાવમાં અચાનક એક ડઝન જેટલા કાચબા અને માછલાં મૃત હાલતમાં મળી આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. એકસાથે આટલી મોટી સંખ્યામાં જળચર જીવોના મોતથી જીવદયા અને પર્યાવરણ પ્રેમીઓમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે. તળાવનું પાણી દૂષિત થવાના કારણે આ અકસ્માત સર્જાયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેને પગલે સમગ્ર મામલે તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

ઘટના અંગે મહાનગરપાલિકાના કંટ્રોલ રૂમને જાણ થતાં જ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને મત્સ્યોદ્યોગ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. GPCBના અધિકારી જી.બી. ભટ્ટ સહિતની ટીમે તળાવના અલગ-અલગ વિસ્તારોમાંથી પાણીના સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરી છે. આ સેમ્પલ્સના આધારે પાણીમાં ડિઝોલ્વ્ડ ઓક્સિજનનું પ્રમાણ તેમજ કોઈ ઝેરી કે રાસાયણિક તત્વની હાજરી છે કે કેમ તેની વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવશે.

તંત્ર દ્વારા તળાવમાંથી મૃત જળચર જીવોના મૃતદેહોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ તરફ પર્યાવરણપ્રેમીઓએ માગ કરી છે કે પાણીના નમૂનાનો અહેવાલ ઝડપથી જાહેર કરવામાં આવે અને જો પ્રદૂષણ ફેલાવવા પાછળ કોઈ જવાબદાર હોય તો તેની સામે કડક કાર્યવાહી કરાય. હાલ લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે.

# જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ ફરી રકતરંજીત : એકનું મોત

## મોટી ખાવડી નજીક પીકઅપ વેનની ઠોકરે ચડેલ રિક્ષા ટ્રક સાથે અથડાતા રિક્ષામાં સવાર યુવાનનું ઘટના સ્થળે મોતઃ રિક્ષાચાલક સહિત બે વ્યકિત હોસ્પિટલમાં દાખલ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર-ખંભાળિયા હાઈવે પર મોટીખાવડી ગામ નજીક મચ્છી માર્કેટ પાસે ગઈકાલે રિક્ષા, પિકઅપ વાહન અને ટ્રક વચ્ચે ગમખ્વાર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. એક મહિન્દ્રા બોલેરો પીકઅપે રિક્ષાને ટક્કર માર્યા બાદ રિક્ષા કાબૂ બહાર જઈ સામેથી આવતા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગંભીર અકસ્માતમાં રિક્ષામાં સવાર એક પરપ્રાંતિય યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવાનનું સારવાર દરમિયાન રાજકોટ હોસ્પિટલમાં મોત થતાં અરેરાટી મચી ગઈ છે.

મેઘપર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર, મોટી ખાવડી ખાતે ખાનગી કંપનીમાં મજૂરી કરતા બિહારના રાહુલકુમાર મિથિલેશ ઠાકુર (ઉ.વ.૩૩) પોતાના સાથીઓ સાથે સીએનજી રિક્ષામાં જામનગર તરફથી મોટી ખાવડી જઈ રહ્યા હતા. આ દરમિયાન મચ્છી માર્કેટ પાસેના કટ નજીક પહોંચતા પૂરઝડપે આવતી મહિન્દ્રા બોલેરો પીકઅપના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આથી રિક્ષાચાલકે કાબૂ ગુમાવતા રિક્ષા સામેથી આવતા ટ્રક સાથે અથડાઈ ગઈ હતી.

અનુ પાના નં.૨ પર

# ભાણવડ, કલ્યાણપુર અને દ્વારકામાં ત્રણ સ્થળોએથી વિદેશી દારૂ સાથે પાંચ ઝડપાયા

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડથી આશરે ૧૪ કિલોમીટર દૂર ભવનેશ્વર ગામના પાટીયા સામે રહેતા દાસાભાઈ રાજાભાઈ હૂણ નામના ૨૪ વર્ષના માલધારી શખ્સના રહેણાંક મકાનમાં છુપાવીને રાખવામાં આવેલી રૂપિયા ૭૦,૧૧૨ ની કિંમતની ૧૧૨ બોટલ પોલીસે કબજે કરી, આરોપી દાસા રાજા હૂણની અટકાયત કરી હતી. દારૂનો આ જથ્થો તેણે પોરબંદર જિલ્લાના બગવદર ગામના મૂળ રહીશ અને હાલ વીજરાણા ગામના જીવા લખમણ રબારી નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું જાહેર થયું છે. જે અંગે ભાણવડ પોલીસે પ્રોહિબીશન એક્ટ હેઠળ દાસા રાજાની અટકાયત કરી, જીવા લખમણ રબારીને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

એલસીબી પોલીસે દ્વારકા તાબેના ચરકલા ગામે રહેતા રાહુલસિંહ કિરતસિંહ પરમાર તેમજ ભાવનગરના રહીશ રણજીત અગરસંગ પરમારના કબજામાંથી રૂ. ૮,૮૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૮ બોટલ તથા રૂ. ૫,૦૦૦ ની કિંમતનો દારૂ

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com